MANOGAT • Year 43 • Issue 1 • 10 April 2024 • Chaitra Sud 2, Samvat 2080 • Yugabd 5126 • Price : Rs. 5/- • Pages : 28

હિન્દુ નવું વર્ષ


# मनोगत



## મોદી સરકાર ૪૦૦ પાર



૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ - આ કેલેન્ડર પર લખેલી તારીખ નથી, પરંતુ એક નવા કાલચક્રની ઉત્પત્તિ છે





Year : 43, Issue : 1, Pages : 28

**તંત્રીસ્થાનેથી**

# વિકાસ શબ્દ હવે મંત્ર બની ગયો છે

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

ગત 10 વર્ષોની અવિસ્મરણીય સિદ્ધિઓ, જેણે આજે તમામ આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો અને એજન્સીઓને આશ્ચર્યચકિત કરી દીધાં છે, અને આ જ બાબત વિકસિત ભારતના સંકલ્પને મજબૂત કરી રહી છે. 'ફ્રેજાઇલ ફાઇવ'થી 'ફેબ્યુલસ ફાઇવ'ની સફર 'રિફોર્મ, પરફોર્મન્સ એન્ડ ટ્રાન્સફોર્મ'ની યાત્રા રહી છે, જે દરરોજ નવી ઊંચાઈઓ સર કરી રહી છે.

કોંગ્રેસની યુપીએ સરકારનું દસ વર્ષનું કુશાસન, વ્યાપક ભ્રષ્ટાચાર, સરકારી તિજોરીની લૂંટ, જંગી ફુગાવો, વિદેશી હૂંડિયામણના ભંડારમાં ઘટાડો અને ઘટી રહેલા વિકાસદરના સાપેક્ષમાં છેલ્લાં દસ વર્ષની મોદી સરકારની સફર નિષ્ણાતોને પણ ચમત્કારિક લાગી છે. કોંગ્રેસની આગેવાની હેઠળના યુપીએના કાર્યકાળને 'પોલિસી પેરાલિસિસ'ના યુગ તરીકે ઓળખવામાં આવતી હતી અને સાથે સાથે કોંગ્રેસના જ 2004-2014ના આ દાયકાને 'લોસ્ટ ડિકેડ' એટલે કે અંધકારભર્યાં દસ વર્ષ પણ કહેવામાં આવે છે. કોંગ્રેસની આગેવાની હેઠળના યુપીએના કુશાસન હેઠળ સમગ્ર દેશ નકારાત્મકતા અને નિરાશાના વમળમાં ડૂબી ગયો હતો અને દેશ દરેક ક્ષેત્રમાં પાછળ રહી ગયો હતો. કોઈ પણ વ્યક્તિ આ બાબતનો ઇનકાર કરી શકે એમ નથી કે દેશને આ વમળમાંથી બહાર કાઢવાનો રસ્તો અતિશય વિકટ હતો. દુનિયાભરના નિષ્ણાતો કહેવા લાગ્યા હતા કે ભારતની ભાવિ સંભાવનાઓ સામે હવે પ્રશ્નાર્થ ઊભો થયો છે. સમગ્ર દેશ માટે આશાની દીવાદાંડી તરીકે ઊભરી આવેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને આ સંકટમાંથી બહાર કાઢ્યો છે એટલું જ નહીં, પરંતુ પરિવર્તનકારી નિર્ણયો સાથે દેશને નવી ઊંચાઈએ પણ લઈ ગયા છે, જ્યાંથી હવે 'વિકસિત ભારત'નું સપનું સાકાર કરવાનું શક્ય બની રહ્યું છે.

છેલ્લા દાયકામાં દેશમાં વ્યાપક પરિવર્તન આવ્યું છે, જેના કારણે અનેક લોકોની આકાંક્ષાઓ પૂર્ણ થઈ છે. આજે જ્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સમગ્ર દેશને શ્રેષ્ઠ વિચારવા માટે પ્રેરિત કરી રહ્યા છે. ત્યારે તેમણે માનવતાની સેવાની પ્રતિજ્ઞા લઈને ભારતને વૈશ્વિક મંચ પર 'વિશ્વમિત્ર' તરીકે દોરી ગયા છે. જરૂરિયાતના સમયે બીજા દેશોની સાથે ઊભા રહીને, ભારતે કોવિડ-19 રોગચાળા અને અન્ય ઘણી આપત્તિઓ દરમિયાન તમામ દેશોને તમામ શક્ય સહાય આપી છે. ગામડાં, ગરીબો, ખેડૂતો, મહિલાઓ, યુવાનો, દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગો પર વિશેષ ધ્યાન આપીને સમાજના વંચિત, પીડિત, શોષિત અને ઉપેક્ષિત વર્ગોને નવીન યોજનાઓ અને કલ્યાણકારી ઉપાયો દ્વારા સશક્ત બનાવવામાં આવ્યા છે. આ પહેલી વાર છે જ્યારે સમગ્ર વિશ્વમાં ભારતની ભવ્ય વિરાસતની ઉજવણી થઈ રહી છે અને દરેક ભારતીયને તેમના આ અનોખા વારસા પર ગર્વ છે. વિકાસ શબ્દ હવે મંત્ર બની ગયો છે અને આખો દેશ એક નવી ઊર્જાનો અનુભવ કરી રહ્યો છે.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સઍપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# ગરીબોની સેવા અને ગરીબોનું સન્માન



ડીબીટી હોય, ગરીબોને વીજળી, પાણી, શૌચાલયો જેવી સુવિધાઓ પ્રદાન કરવાની યોજનાઓ હોય, આ બધી યોજનાઓથી જમીની સ્તર પર વાસ્તવિક ક્રાંતિ આવી છે. આ યોજનાઓથી દેશના ગરીબમાં ગરીબ લોકો પણ આદર અને સુરક્ષાની ભાવનાથી સંતુષ્ટ છે.

– શ્રી નરેન્દ્રભાઈ મોદી

## ગરીબોનું કલ્યાણ, દેશનું કલ્યાણ

- ગરીબોનું કલ્યાણ
- ગરીબો માટે માળખાગત સુવિધાઓનું નિર્માણ
- 80 કરોડથી વધુ ભારતીયો માટે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવી
- નાણાકીય સર્વસમાવેશકતાની દુનિયાની સૌથી મોટી પહેલ જન ધન યોજના
- નબળા વર્ગોની આકાંક્ષાઓ પૂર્ણ કરવી અને તેમના અધિકારોનું રક્ષણ કરવું
- દિવ્યાંગ વ્યક્તિઓનું સશક્તીકરણ
- આદિજાતિ લોકોનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવો
- તમામ મૂળભૂત સુવિધાઓ સાથે 3 કરોડથી વધુ ગ્રામીણ ગરીબો માટે આવાસની ઉપલબ્ધિ

## આદિવાસી લોકોનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવો

- 15 નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો
- 401 એકલવ્ય આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવી; 3,958 વન ધન વિકાસ કેન્દ્રોની સ્થાપના; 11.83 લાખ આદિવાસી લોકો તેમાં જોડાયા

## દિવ્યાંગ વ્યક્તિઓનું સશક્તીકરણ

- વિકલાંગતાના પ્રકારોમાં 7થી વધારીને ૨૧ પ્રકાર કરવામાં આવ્યા.
- સરકારી નોકરીઓ અને ઉચ્ચ શિક્ષણમાં અનામત અનુક્રમે 3 ટકાથી વધારીને 4 ટકા અને 3 ટકાથી વધારીને 5 ટકા કરવામાં આવી છે.
- 25.94 લાખ દિવ્યાંગજનોને સશક્ત બનાવવા માટે 14,175 શિબિરોમાં વહેંચવામાં આવેલી સહાય અને સહાયક ઉપકરણો





## નબળા વર્ગની આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવી

- આર્થિક પછાત વર્ગો માટે નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં 10 ટકા અનામત
- રાજ્યોને તેમની પોતાની ઓબીસી યાદી બનાવવાનો અધિકાર

## પ્રધાનમંત્રી સ્વનિધિ – શેરીવિક્રેતાઓ માટે સરળ લોન

- કોવિડ-19 રોગચાળા દરમિયાન શેરીવિક્રેતાઓને મોર્ગેજ-ફ્રી લોનની સુવિધા આપવામાં આવી
- પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના હેઠળ 50 લાખથી વધારે શેરીવિક્રેતાઓને લોન મળી

## પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના

- પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. 13,000 કરોડની વિત્ત પોષિત યોજના



- પ્રધાનમંત્રી વિશ્વકર્મા પોર્ટલ મારફતે વિશ્વકર્માનું બાયોમેટ્રિક-આધારિત નિઃશુલ્ક રજિસ્ટ્રેશન; પ્રધાનમંત્રી વિશ્વકર્મા હેઠળ 18 પરંપરાગત હસ્તકળાઓનો સમાવેશ થાય છે
- વિશ્વકર્મા ભાઈ-બહેનોને રૂ. 3 લાખ સુધીની લોન મળશે
- રૂ. 15,000 સુધીનું ટૂલકીટ પ્રોત્સાહન, કૌશલ્ય અપગ્રેડેશન, ડિજિટલ ટ્રાન્ઝેક્શન માટે પ્રોત્સાહનો અને માર્કેટિંગ સપોર્ટ



## વિશ્વની સૌથી મોટી નાણાકીય સર્વસમાવેશક પહેલ

- 50 કરોડથી વધારે જન ધન ખાતાંઓ
- લાભાર્થીઓનાં બેંક ખાતાંઓમાં રૂ. 32.29 લાખ કરોડથી વધારેનો પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ, અંદાજે રૂ. 2.73 લાખ કરોડની અનુમાનિત બચત (માર્ચ, 2022 સુધી)

## રાષ્ટ્રીય બહુઆયામી ગરીબી સૂચકાંક

- ગત 9 વર્ષ દરમિયાન 25 કરોડ ભારતીયો વિવિધ પ્રકારની ગરીબીમાંથી મુક્ત થયા.
- ગરીબીમાં જીવતા લોકોનું પ્રમાણ વર્ષ 2013-14માં 29.17 ટકાથી ઘટીને વર્ષ 2022-23માં 11.28 ટકા થયું હતું.
- ભારત એસડીજી લક્ષ્યાંક 1.2 (બહુઆયામી ગરીબીમાં ઓછામાં ઓછા અડધાનો ઘટાડો) વર્ષ 2030 અગાઉ હાંસલ કરી શકે તેવી શક્યતા

## 80 કરોડ ભારતીયોની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત

- 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' (એપ્રિલ, 2020 - ઓક્ટોબર, 2023) હેઠળ 1,424 લાખ મેટ્રિક ટનથી વધુ મફત અનાજનું વિતરણ કરવામાં આવ્યું.
- એક રાષ્ટ્ર, એક રેશનકાર્ડ દેશભરના લોકોને સરળતાથી મળી રહે છે
- માસિક સરેરાશ 2.5 કરોડ પોર્ટેબિલિટી ટ્રાન્ઝેક્શન



# ખેડૂતોનું કલ્યાણ સુનિશ્ચિત કરવું




ખેડૂતોની આવક વધારવી, ખેતીનો ખર્ચ ઘટાડવો, બિયારણથી બજાર સુધી ખેડૂતોને આધુનિક સુવિધાઓ પૂરી પાડવી, આ અમારી સરકારની પ્રાથમિકતા છે.

– શ્રી નરેન્દ્રભાઈ મોદી

## પ્રધાનમંત્રી કિસાન યોજના

- વર્ષ 2019થી શરૂ કરીને ખેડૂતોને 3 સમાન હપ્તામાં દર વર્ષે રૂ. 6000 મળશે
- પ્રથમ વખત દેશભરમાં પ્રત્યક્ષ રોકડ સહાય શરૂ કરવામાં આવી
- પ્રધાનમંત્રી કિસાન યોજના હેઠળ અત્યાર સુધીમાં 11.8 કરોડથી વધારે ખેડૂતોને લાભ મળ્યો

## પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના (પીએમએફબીવાય)

- વર્ષ 2016માં શરૂ કરવામાં આવી હતી, પાકને થયેલા નુકસાનથી ચિંતિત ખેડૂતોને નાણાકીય સહાય
- 49.5 કરોડ ખેડૂત અરજદારોની નોંધણી, 14.9 કરોડથી વધુ અરજદારોને છેલ્લાં 7 વર્ષમાં રૂ. 1.45 લાખ કરોડથી વધુના દાવા મળ્યા
- 84% નોંધાયેલા ખેડૂતો નાના અને સીમાંત ખેડૂતો છે.

## ઈ-નામ

- ઇ-પ્લેટફોર્મ મારફતે વર્તમાન બજારોને સંકલિત કરવા માટે વર્ષ 2016માં લોન્ચ કરવામાં આવ્યું હતું.

## સોઈલ હેલ્થ કાર્ડ

- જમીનમાં પોષકતત્ત્વોનો ઉપયોગ વધારવા માટે વર્ષ 2014-15માં આ યોજના શરૂ કરવામાં આવી
- ખેડૂતોને 23 કરોડથી વધુ સોઇલ હેલ્થ કાર્ડ ઇશ્યૂ કરવામાં આવ્યાં



## આંતરરાષ્ટ્રીય અનાજ વર્ષ

બરછટ અનાજના મહત્ત્વને સમજીને લોકોને પોષક આહાર પૂરો પાડવા અને સ્વદેશી અને વૈશ્વિક માંગ ઊભી કરવા માટે, ભારત સરકારે વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પહેલથી, વર્ષ 2023 ને સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં બાજરીનું આંતરરાષ્ટ્રીય વર્ષ જાહેર કરવામાં અગ્રણી ભૂમિકા ભજવી



હતી. ભારતના આ પ્રસ્તાવને 72 દેશોએ સમર્થન આપ્યું હતું અને માર્ચ 2021માં સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ 2023ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે જાહેર કર્યું હતું.

## સહકારી ક્ષેત્રમાં સુધારો

- સહકારી ક્ષેત્રમાં છેલ્લા 25-30 વર્ષથી સ્થિરતા જોવા મળી રહી છે, પરંતુ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સહકારી ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે.



- શ્રી મોદીએ ખાંડ મિલોના બાકી રહેલા 15,000 કરોડ રૂપિયાના ટેક્સ વિવાદનો ઉકેલ લાવી દીધો છે. - મોદી સરકાર સંવૈધાનિક માળખામાં સહકારી કાયદામાં એકરૂપતા લાવવાનું કામ કરી રહી છે.

## કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી)

- તમામ પીએમ-કિસાન લાભાર્થીઓને એક વિશેષ અભિયાન હેઠળ કેસીસી મારફતે આવરી લેવામાં આવ્યા
- રૂ. 8.85 લાખ કરોડની મંજૂર થયેલી ક્રેડિટ સુવિધા સાથે 7.34 કરોડથી વધારે કેસીસી અરજીઓ મંજૂર કરવામાં આવી (31 માર્ચ, 2023 સુધીમાં)

## પીએમ-પ્રણામ

- આર્થિક બાબતો પરની મંત્રીમંડળીય સમિતિ (સીસીઇએ)ની 28 જૂન, 2023ના રોજ યોજાયેલી બેઠકમાં 'પૃથ્વી માતાના પુનઃસ્થાપન, જાગૃતિ સર્જન, પોષણ માટે પ્રધાનમંત્રી કાર્યક્રમને મંજૂરી આપવામાં આવી હતી.
- આ પહેલનો ઉદ્દેશ રાજ્યો દ્વારા ખાતરોના સ્થાયી અને સંતુલિત ઉપયોગને પ્રોત્સાહન આપવા, વૈકલ્પિક ખાતરો અપનાવવા, જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવા અને સંસાધન સંરક્ષણ ટેકનોલોજીનો અમલ કરીને પૃથ્વીના સ્વાસ્થ્યને બચાવવા માટે શરૂ કરવામાં આવેલા જન આંદોલનને ટેકો આપવાનો છે.

## સ્વામિત્વ (આધુનિક ટેકનોલોજી સાથે ગ્રામીણ વિસ્તારોનાં ગામડાંઓનો સર્વે અને મેપિંગ)

- એપ્રિલ, 2020માં શરૂ કરવામાં આવ્યું હતું.
- ગ્રામીણ વિસ્તારોમાં સંપત્તિની સ્પષ્ટ માલિકી સુનિશ્ચિત કરવાનો ઉદ્દેશ
- અત્યાર સુધીમાં 1.6 કરોડથી વધારે પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યાં

## પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના

- ઉદ્દેશ - ટપક અને ફુવારા સિંચાઈ પદ્ધતિઓ દ્વારા કૃષિ સ્તરે પાણીના ઉપયોગમાં કાર્યદક્ષતા વધારવી
- વર્ષ 2015-16 દરમિયાન 78 લાખ હેક્ટર જમીનને આવરી લેવી
- નાબાર્ડ અંતર્ગત રૂ. 5,000 કરોડનું સૂક્ષ્મ સિંચાઈ ભંડોળ ઊભું કરવામાં આવ્યું
- વર્ષ 2021-26 માટે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના માટે રૂ. 93,068 કરોડની ફાળવણી

## એગ્રિકલ્ચરલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ

- લણણી પછીની વ્યવસ્થાપન માળખાગત સુવિધાઓ અને સામુદાયિક ખેતીની અસ્કયામતોના સર્જન અને આધુનિકીકરણ માટે રૂ. 1 લાખ કરોડની ધિરાણ સુવિધા
- આ યોજનાના અમલીકરણના 3 વર્ષથી ઓછા સમયમાં 38,326થી વધુ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે, જેણે કૃષિ માળખાગત ક્ષેત્રમાં કુલ રૂ. 30,030 કરોડની લોન સાથે રૂ. 50,988 કરોડ ઊભા કર્યા છે.
- એગ્રિકલ્ચરલ ઇન્ફ્રા પ્રોજેક્ટ્સે 5.8 લાખથી વધુ રોજગારીની તકોનું સર્જન કર્યું છે, વાર્ષિક 3.7 લાખ મેટ્રિક ટન અનાજ અને 46.3 લાખ મેટ્રિક ટન બાગાયતી ઉત્પાદનની બચત કરી છે અને ખેડૂતોને 20-25 ટકા સુધી વધુ સારા ભાવની પ્રાપ્તિની ખાતરી આપી છે.



# નારીશક્તિ મહિલાઓના નેતૃત્વમાં વિકાસ



આજે જ્યારે મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે, નેતૃત્વ કરી રહી છે, ત્યારે નીતિનિર્માણમાં આપણી માતાઓ અને બહેનો મહત્તમ યોગદાન આપે તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, તેઓ વધુ ને વધુ યોગદાન આપે. માત્ર યોગદાન જ નહીં, તેઓ મહત્ત્વની ભૂમિકા પણ ભજવે.

– શ્રી નરેન્દ્રભાઈ મોદી

## નારીશક્તિ વંદન અધિનિયમ

- નારીશક્તિ વંદન કાયદો લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં મહિલાઓને 33 ટકા અનામત પ્રદાન કરે છે
- આ કાયદા સાથે, ભારતે મહિલા સશક્તિકરણની દિશામાં મજબૂત પગલાં લીધાં છે.
- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓને અનામત ક્વોટા હેઠળ અનામત.
- આ કાયદો લૈંગિક સમાનતા અને સર્વસમાવેશક સમાજ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.
- આ કાયદો મહિલા નેતૃત્વને પ્રોત્સાહન આપે છે અને મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં મહિલાઓ માટે માર્ગ મોકળો કરે છે.

## ઉજ્જ્વલા યોજના

- ૨૦૧૪માં ૧૪.૫૨ કરોડ ઘરોમાં એપીજી કનેક્શન હતા.
- ૨૦૨૩માં ૩૧.૫૪ કરોડ ઘરોમાં એપીજી કનેક્શન
- નાણાકીય વર્ષ 2023-24થી આગામી ત્રણ વર્ષમાં 75 લાખ નવા એલપીજી કનેક્શન આપવામાં આવશે, જેનાથી ઉજ્જ્વલા યોજનાના લાભાર્થીઓની કુલ સંખ્યા 10.35 કરોડ થઈ જશે.




## કડક કાયદો

- ત્રણ તલાકનું અપરાધીકરણ
- મુસ્લિમ મહિલાઓની ગરિમા અને સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવી
- ત્રણ તલાકના કેસોમાં નોંધપાત્ર ઘટાડો

## મહિલાઓનું જીવન બન્યું સરળ

- વર્ષ 2019માં ફક્ત 3.23 કરોડ ગ્રામીણ કુટુંબો પાસે નળનાં પાણીનાં જોડાણો હતાં
- જલ જીવન મિશન હેઠળ ઓક્ટોબર,










2023 સુધીમાં 10 કરોડથી વધારે નવાં કુટુંબોને મળ્યું નળમાંથી જળ

## મહિલા હેલ્પલાઇન

- મહિલા હેલ્પલાઇન 181 1 એપ્રિલ, 2015ના રોજ શરૂ કરવામાં આવી હતી, જે હિંસાથી અસરગ્રસ્ત મહિલાઓને રેફરલ મારફતે 24 કલાક ઇમરજન્સી અને નોન-ઇમરજન્સી સુવિધા પ્રદાન કરે છે.

## પ્રધાનમંત્રી માતૃવંદના યોજના (પીએમએમવીવાય)

- પીએમએમવીવાય હેઠળ 3.11 કરોડ ગર્ભવતી મહિલાઓ અને સ્તનપાન કરાવતી માતાઓને રૂ. 14,103 કરોડનું વિતરણ

## મહિલાઓના જીવનમાં સુધારો ગરિમા

- સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ હેઠળ 11.74 કરોડ શૌચાલયો; પીએમએવાય-જી હેઠળ બાંધવામાં આવેલા 2.5 કરોડથી વધુ ઘરોમાંથી 70 ટકા લોકો એકલા અથવા સંયુક્ત રીતે માલિકીના છે.
- ટ્રિપલ તલાકને ગેરકાયદેસર ઠેરાવ્યો છે.

## જીવન જીવવાની સરળતા

- 10 કરોડથી વધુ ઉજ્જવલા એલપીજી કનેક્શન મહિલાઓને ધુમાડાથી મુક્તિ આપે છે
- મેટરનિટી લીવ 12 અઠવાડિયાંથી વધારીને 26 અઠવાડિયાં કરવામાં આવી.
- જલ જીવન મિશન હેઠળ 10 કરોડથી વધુ નવા પરિવારોને નળનું પાણી મળે છે



## ઉદ્યોગસાહસિકતા

- 28 કરોડ મહિલાઓ જન ધન ખાતાંઓ દ્વારા બેંકો સાથે જોડાઈ.
- સ્ટેન્ડ અપ ઇન્ડિયા અંતર્ગત 79 ટકા મહિલા ઉદ્યમીઓ છે.
- મુદ્રા યોજના અંતર્ગત 69 ટકાથી વધુ ખાતા ધરાવતી મહિલા ઉદ્યમીઓ છે.



# ભારતની અમૃત પેઢી મજબૂત થઈ રહી છે



આપણા યુવાનો વિકસિત ભારતના વિઝન સાથે દેશની અમૃતયાત્રાનું નેતૃત્વ કરી રહ્યા છે.

– શ્રી નરેન્દ્રભાઈ મોદી

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020

- પરિવર્તનકારી સુધારણા : ૧૯૮૬ની ૩૪ વર્ષ જૂની શિક્ષણનીતિમાં ફેરફારો. શિક્ષકોની નિષ્ઠા સર્વગ્રાહી શિક્ષણ. વિદ્યાંજલિ સ્વયંસેવક-આધારિત માર્ગદર્શન. લવચીક અભ્યાસક્રમ વિષયો, બહુવિધ પ્રવેશ/બહાર નીકળવાના વિકલ્પોના સર્જનાત્મક સંયોજન સાથે એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ ડિજિટલી શૈક્ષણિક ગુણનો સંગ્રહ કરે છે એન.આઈ.પી.યુ.એન. ભારત ફાઉન્ડેશનલ લિટરસી એન્ડ ન્યુમેરસી
- ૧૪,૫૦૦ થી વધુમાંથી પસંદ કરાયેલી ૬,૨૦૭ શાળાઓને પ્રથમ હપ્તા તરીકે કુલ રૂ. ૬૩૦ કરોડ જાહેર કરવામાં આવ્યા.
- ૭ ઓગસ્ટ 2023 સુધીમાં, 12 સંસ્થાઓને 'ઉત્કૃષ્ટ સંસ્થાન' (આઇઓઇ) તરીકે સૂચિત કરવામાં આવી હતી.

## ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (આઈટીઆઈ)માં 1.5 ગણો વધારો

- ભારે ઉદ્યોગસાહસોના મંત્રાલયે ઉદ્યોગ 4.0માં જાગૃતિ અને કૌશલ્ય, શિખાઉમાંથી નિપુણતા વધારવા માટે 4 સમર્થ ઉદ્યોગ કેન્દ્રો મારફતે ક્ષમતા નિર્માણની પહેલ શરૂ કરી
- જુલાઈ, 2023 સુધીમાં, 288 જન શિક્ષણ સંસ્થાઓ (જેએસએસ) દ્વારા તાલીમ પામેલા 7.26 લાખ ઉમેદવારોને તાલીમ આપવામાં આવી
- ઝાંઝીબાર (તાન્ઝાનિયા) અને અબુધાબી (યુએઈ)માં આઈઆઈટીના નવા પરિસરોની સ્થાપના સાથે ઉચ્ચ શિક્ષણના આંતરરાષ્ટ્રીયકરણ તરફની ઐતિહાસિક શરૂઆત.

## વૈજ્ઞાનિક વિચારસરણીને પ્રોત્સાહન

- દેશમાં અટલ ટિંકરીંગ લેબની સંખ્યા 10,000થી વધુ છે અને તે 35 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 722 જિલ્લાઓમાં ફેલાયેલી છે.
- મણિપુરમાં દેશની સૌપ્રથમ નેશનલ સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે, જેનો કુલ મંજૂર ખર્ચ રૂ. 643.34 કરોડ છે.

## રમતગમતની સ્પર્ધાઓમાં ઝળક્યું ભારત

- તાજેતરમાં સંપન્ન થયેલી એશિયન ગેમ્સમાં અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 107 અને એશિયન પેરા ગેમ્સમાં ૧૧૧થી વધુ મેડલ્સનું રહ્યું હતું.

## એક ભારત, શ્રેષ્ઠ ભારત

- 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' સાથે ભારત વિવિધતામાં એકતાની ઉજવણી કરી રહ્યું છે.

**'એક ભારત, શ્રેષ્ઠ ભારત' એ સાંસ્કૃતિક સંબંધોને મજબૂત કરવા અને વિવિધ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના લોકો વચ્ચે સંવાદ વધારવાનો પ્રયાસ છે.**

**– શ્રી નરેન્દ્રભાઈ મોદી**



# મધ્યમ વર્ગનું જીવન સરળ



અમારું લક્ષ્ય બધાનું કલ્યાણ અને સુખાકારી છે. અમારો ઉદ્દેશ બધાની શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારી છે.

– શ્રી નરેન્દ્રભાઈ મોદી

## પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)

- વર્ષ 2016માં શરૂ કરવામાં આવી હતી – ગ્રામીણ લોકોને પાકાં મકાનો પ્રદાન કરવામાં આવે છે
- 2.5 કરોડ મકાનોનું નિર્માણકાર્ય પૂર્ણ થયું.

## સ્વચ્છ ભારત મિશન – શહેરી

- શહેરી ભારતને ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્ત બનાવવું અને શહેરના ઘન કચરાનું 100 ટકા વૈજ્ઞાનિક વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવાનું લક્ષ્ય રાખવું.
- 20 કરોડથી વધુ નાગરિકો સીધા જોડાયેલા છે;
- 67.13 લાખ વ્યક્તિગત ઘરેલુ શૌચાલયો તથા 6.52 લાખ સામુદાયિક અને જાહેર શૌચાલયોનું નિર્માણ
- 4,884 શહેરો અને નગરોને 'ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્ત' જાહેર કરવામાં આવ્યાં

## 'એક તારીખ, એક કલાક, સાથે'

- પ્રધાનમંત્રીના આહ્‌વાન પર દેશભરમાં 8.75 કરોડથી વધુ લોકોએ 'એક તારીખ, એક કલાક, એક સાથે' કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પ્રધાનમંત્રીએ ઉદાહરણ પૂરું પાડીને 1 ઓક્ટોબર, 2023ના રોજ 'સ્વચ્છતા માટે શ્રમદાન' કર્યું હતું.

## સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ

- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)નો ઉદ્દેશ ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપનની પ્રવૃત્તિઓ મારફતે ગામડાંઓનો ઓડીએફ દરજ્જો જાળવી રાખવાનો છે. ૪.૬૧ લાખથી વધુ ગામોને ઓડીએફ પ્લસ જાહેર કરવામાં આવ્યાં છે.
- મહિલા સ્વસહાય જૂથો પ્લાસ્ટિકના કચરાના વ્યવસ્થાપનનું પણ સંચાલન કરે છે, જે આવક પેદા કરવાની તકો પૂરી પાડે છે.





## અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત)

- પાણીનો પુરવઠો, ગટર વ્યવસ્થા, શહેરી પરિવહન, ઉદ્યાનો જેવી મૂળભૂત નાગરિક સુવિધાઓ પ્રદાન કરીને લોકોના જીવનની ગુણવત્તા સુધારવાનો ઉદ્દેશ રાખવો. 1.35 કરોડ સુએઝ કનેક્શન પ્રદાન કરવામાં આવ્યાં છે.
- દરરોજ 3,340 મિલિયન લિટરની ક્ષમતા ધરાવતા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉમેરવામાં આવશે;
- 2,525 યોજનાઓનો શિલાન્યાસ અને આશરે 4,603 એકર હરિયાળી જગ્યાઓ અને પાર્ક વિકસાવવામાં આવ્યાં છે.

## દરેક ઘરમાં પાણી

- ઓગસ્ટ, 2019માં શરૂ કરવામાં આવેલ જલ જીવન મિશનનો ઉદ્દેશ વર્ષ 2024 સુધીમાં દરેક ગ્રામીણ પરિવારને નળનાં પાણીનાં જોડાણો પ્રદાન કરવાનો છે.





- પાણી સમિતિઓ; સામૂહિક ચળવળો; સમુદાયની માલિકી અને મહિલાઓની કેન્દ્રીય ભૂમિકા
- 2019 પહેલાં 3.23 કરોડ ઘરોમાં નળથી પાણીનો પુરવઠો મળતો હતો
- ઓક્ટોબર 2023 સુધીમાં, 13.52 કરોડ ઘરોમાં નળના પાણીનું જોડાણ છે

## રોજગાર મેળા

- 10 લાખ કર્મચારીઓ માટે ભરતી અભિયાન. સરકાર વધુ ને વધુ નોકરીઓ ઊભી કરવા માટે એક સાથે અનેક મોરચે કામ કરી રહી છે.
- સપ્ટેમ્બર, 2017થી જુલાઈ, 2023 વચ્ચે 5.5 કરોડ નવા ઈપીએફઓ ગ્રાહકો ઉમેરાયા

## સૌભાગ્ય યોજના

- 25 સપ્ટેમ્બર, 2017ના રોજ જાહેર કરવામાં આવી હતી
- ગ્રામીણ અને શહેરી કુટુંબોને વીજળીનાં જોડાણો પ્રદાન કરવાનો ઉદ્દેશ
- ઓક્ટોબર, 2017 સુધીઃ 89 ટકા ઘરોમાં વીજળી પહોંચી
- 31/03/2022ના રોજ શરૂ થયા પછી 2.86 કરોડ ઘરોમાં વિદ્યુતીકરણ થયું
- 2022 : 100 ટકા ગ્રામ વીજળીકરણ

# તમામ માટે વાજબી, સુલભ હેલ્થકેર




અમે નક્કી કર્યું છે કે પૈસાના અભાવે કોઈ પણ ગરીબ વ્યક્તિ તેની સારવાર વગર રહેવો જોઈએ નહીં. અમે એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો કે અમારા ગરીબ પરિવારોને પણ તેમના ઘરની નજીક વધુ સારી સારવાર મળે.

– શ્રી નરેન્દ્રભાઈ મોદી

## આયુષ્યમાન ભારત વિશ્વની સૌથી મોટી વીમા યોજના

### પ્રધાનમંત્રી-આયુષ્માન ભારત સ્વાસ્થ્ય માળખાગત મિશન

- લાંબા ગાળાના સરકારી હેલ્થકેર માળખાના નિર્માણ અને અપગ્રેડેશન માટે સૌથી મોટી અખિલ ભારતીય યોજના 25 ઓક્ટોબર, 2021ના રોજ શરૂ કરવામાં આવી હતી.
- નાણાકીય વર્ષ 2021-22થી 2025-26ના ગાળા દરમિયાન કુલ રૂ. 64,180 કરોડનો ખર્ચ થશે.

### આયુષ્માન ભારત ડિજિટલ મિશન (એબીડીએમ)

- સ્વાસ્થ્ય સેવાઓની ગુણવત્તા વધારવા માટે 27 સપ્ટેમ્બર, 2021ના રોજ શરૂ કરવામાં આવેલ
- 48 કરોડથી વધારે એએચએ નંબર્સ અને 2.39 લાખ હેલ્થકેર વર્કર્સની નોંધણી
- 2.22 લાખથી વધુ આરોગ્ય સુવિધાઓ (સરકારી કે ખાનગી ક્ષેત્રની હોસ્પિટલો, પ્રયોગશાળાઓ, ફાર્મસીઓ, ક્લિનિક્સ વગેરે સહિત) સામેલ

### ‘આયુષ્માન ભવ’ અભિયાન

- એક વ્યાપક રાષ્ટ્રવ્યાપી હેલ્થકેર પહેલ, જેનો ઉદ્દેશ દેશના દરેક ગામ અને શહેરને આરોગ્ય સેવાઓનું સંતૃપ્તિ કવરેજ પ્રદાન કરવાનો છે.

### ઇ-સંજીવની ઓપીડી

- 1.05 કરોડથી વધુ ઇ-સંજીવની ઓપીડી પરામર્શ

### હોસ્પિટલોના નેટવર્કનું વિસ્તરણ

- 15 નવી એઈમ્સ અને 319 નવી સરકારી મેડિકલ કોલેજોની સ્થાપના કરવામાં આવી.
- 2014થી 2023 વચ્ચે એમબીબીએસની બેઠકોની









સંખ્યા 51,348થી વધીને 1.08 લાખ થઈ છે. આ ઉપરાંત અનુસ્નાતક પી.જી.ની બેઠકોની સંખ્યા 31,185થી વધીને 70,000થી વધુ થઈ ગઈ છે.

## અંગદાન દ્વારા જીવન બચાવવું

- અંગદાનને વધુ સરળ બનાવવા માટે નાગરિકો માટે અંગદાનની પ્રતિજ્ઞાની નોંધણી કરાવવાની સુવિધા નોટ્ટોની વેબસાઈટ પર ઉપલબ્ધ છે
- ૨૦૧૪માં સરકારે ગ્રીન કોરિડોરનો ખ્યાલ રજૂ કર્યો હતો, જે એમ્બ્યુલન્સ માટે મંજૂરી અપાયેલો ખાસ સીમાંકન કરેલો માર્ગ છે. તે ટ્રાન્સપ્લાન્ટેશન માટે પ્રાપ્ત અવયવોને ગંતવ્ય હોસ્પિટલ સુધી પહોંચવા માટે સક્ષમ બનાવે છે.
- 2013માં દેશમાં પાંચ હજારથી ઓછાં અંગોનું દાન કરવામાં આવ્યું હતું, પરંતુ 2022માં આ સંખ્યા 15 હજારથી વધુ છે.

## પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના

- દેશભરમાં 10,000થી વધુ પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રો પર સસ્તા દરે સારી દવાઓ ઉપલબ્ધ
- જન ઔષધિ કેન્દ્રોમાં 1965 પ્રકારની દવાઓ અને 293 અન્ય તબીબી ઉપકરણો ઉપલબ્ધ
- આ કેન્દ્રો પર ઉપલબ્ધ દવાઓ બ્રાન્ડેડ દવાઓ કરતાં 50%થી 90% ઓછી કિંમતે ઉપલબ્ધ છે.

## કોવિડ-19 રસીકરણ અભિયાન

- 220 કરોડથી વધુ રસીના ડોઝ આપવામાં આવ્યા
- 102.74 કરોડથી વધુ પ્રથમ ડોઝનાં પ્રમાણપત્રો, 95.21 કરોડથી વધુ સેકન્ડ ડોઝ સર્ટિફિકેટ અને કો-વિન દ્વારા અત્યાર સુધીમાં 22.87 કરોડથી વધુ સાવચેતીના ડોઝનાં પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યાં
- મુશ્કેલ વિસ્તારોમાં કોવિડ-19 રસીનો ડ્રોન આધારિત પુરવઠો

## માદક દ્રવ્યોના બંધાણીઓનું પુનર્વસન

- નશામુક્ત ભારત અભિયાન યુવાનોને નશીલા દ્રવ્યોના સેવનથી વાકેફ કરવા માટે શરૂ કરવામાં આવ્યું
- નશામુક્ત ભારત અભિયાન હેઠળ દેશભરમાં 10.6થી વધુ કરોડ લોકોને જાગૃત કરવામાં આવ્યા
- દેશભરમાં સરકાર સમર્થિત કાઉન્સેલિંગ સેન્ટરો સારવાર અને વ્યસનમુક્તિની સુવિધાઓને જીઓ-ટેગિંગ સાથે સરળ સુલભતા માટે પ્રદાન કરી રહ્યાં છે.
- નશીલા દ્રવ્યોના બંધાણીઓને પ્રાથમિક પરામર્શ પ્રદાન કરવા માટે '14446' નેશનલ ડ્રગ ડિ-એડિક્શન ટોલ હેલ્પલાઇન શરૂ

## બાળ આરોગ્ય અને પોષણ મિશન ઈન્દ્રધનુષ

- મિશન ઇન્દ્રધનુષ (એમઆઈ)નો ઉદ્દેશ બાળકોનાં સંપૂર્ણ રસીકરણ માટે રસીકરણનાં વ્યાપને વેગ આપવાનો અને ગર્ભવતી મહિલાઓમાં 90 ટકા લોકોને રસી આપવાનો અને પછી તેને જાળવવાનો છે.
- મે, 2022 સુધીમાં 4.45 કરોડ બાળકો અને 1.2 કરોડ ગર્ભવતી મહિલાઓનું રસીકરણ.



# 'રાષ્ટ્ર પ્રથમ' વિદેશ નીતિ અને રાષ્ટ્રીય સુરક્ષા




આપણે વિશ્વના દરેક વર્ગને, દરેક દેશને, દરેક સમાજને, દરેક ક્ષેત્રને જોડવાનો છે. અને તે જ એક પરિવારની લાગણી છે.

– શ્રી નરેન્દ્રભાઈ મોદી

## જી-20 સમિટની સફળતા, નવી દિલ્હી

- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના જનભાગીદારીના વિઝનમાં જી20 કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં આપણા સમાજના વ્યાપક વર્ગોને સામેલ કરવામાં આવ્યા છે.
- 60 શહેરોમાં 200થી વધુ બેઠકોએ જી-20 ઇવેન્ટ માટે અભૂતપૂર્વ વાતાવરણ ઊભું કર્યું હતું. આના પરિણામે, ભારતનું જી-20 પ્રેસિડેન્સી ખરેખર લોકો-કેન્દ્રિત હતું અને એક રાષ્ટ્રીય પ્રયાસ તરીકે ઊભરી આવ્યું હતું.
- નવી દિલ્હી શિખર સંમેલને ભારતની સમકાલીન ટેકનોલોજીમાં થયેલી પ્રગતિ તેમજ આપણા વારસા, સંસ્કૃતિ અને પરંપરાઓને પ્રદર્શિત કરવાની તક પ્રદાન કરી હતી. જી -૨૦ સભ્ય દેશોના નેતાઓ અને પ્રતિનિધિઓ દ્વારા આની વ્યાપક પ્રશંસા કરવામાં આવી હતી.
- ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર સમજૂતી અને ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સના સમાપનમાં આ સમિટ દરમિયાન મહત્ત્વપૂર્ણ વિકાસ થયો હતો.

## લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર

- 'પ્રચંડ' નામનું સ્વદેશી રીતે વિકસિત લાઇટ કોમ્બેટ હેલિકોપ્ટર (એલસીએચ)ને ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યું છે.
- એલસીએચ એ વિશ્વનું એકમાત્ર લડાયક હેલિકોપ્ટર છે જે 5,000 મીટરની ઊંચાઈએ ઉડાન ભરી શકે છે અને ઊતરી શકે છે, જેમાં શસ્ત્રો અને બળતણનો મોટો ભાર છે.



## નાગરિકોને મળ્યું સુરક્ષિત વાતાવરણ

- ઉગ્રવાદને લગતી હિંસાની ઘટનાઓમાં 76 ટકાનો ઘટાડો (વર્ષ 2014માં 824ની સરખામણીમાં વર્ષ 2022માં 201ની ઘટનાઓ)
- નાગરિક અને સુરક્ષા દળોના મૃત્યુમાં 96 ટકાનો ઘટાડો (વર્ષ 2014માં 232ની સરખામણીમાં 2022માં 09 મૃત્યુ)

  એનએસસીએન-આઇએમ સાથે મૂળભૂત સમજૂતી – 2015, નેશનલ લિબરેશન ફ્રન્ટ ઑફ ત્રિપુરા (એસડી) સમજૂતી – 2019, બ્રુ-રિહેબિલિટેશન એગ્રીમેન્ટ- 2020, બોડો શાંતિ સમજૂતી – 2020, કાર્બી આંગલોંગ શાંતિ સમજૂતી – 2021, આદિજાતિ આસામ શાંતિ સમજૂતી – 2022, ડીએનએલએ/ડીપીએસસી સાથે સમજૂતી કરાર – 2023



## ઓપરેશન અજય

- ભારતે ઇઝરાયલમાંથી ભારતીય નાગરિકોને બહાર કાઢવા માટે 'ઓપરેશન અજય' સંપન્ન કર્યું.
- પરિસ્થિતિ પર નજર રાખવા અને માહિતી તથા સહાય પૂરી પાડવા માટે વિદેશ મંત્રાલયમાં 24x7 કન્ટ્રોલ રૂમ સ્થાપવામાં આવ્યો છે.

## ઓપરેશન ગંગા

- યુક્રેનમાંથી 23,000 ભારતીયોને સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યા
- 18 દેશોના 147 નાગરિકોને પણ બહાર કાઢવામાં આવ્યા
- 90 ટન રાહત સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવી

## ઓપરેશન કાવેરી

- યુદ્ધગ્રસ્ત સુદાનમાંથી 3,000થી વધુ ભારતીયોને પરત લાવવામાં આવ્યા
- એરપોર્ટના આરોગ્ય સત્તાવાળાઓ દ્વારા ક્વોરેન્ટાઇન સેન્ટરોમાં નિઃશુલ્ક રહેવાની અને ભોજનની વ્યવસ્થા

## ઓપરેશન દોસ્ત

- તુર્કીના હરિયા પ્રાંતમાં ધરતીકંપમાં 3,600થી વધુ લોકોને ભારતીય સૈન્યની રિજનલ હોસ્પિટલ ઇમરજન્સી તબીબી સારવાર પૂરી પાડે છે
- સારવાર માટે આવેલા દર્દીઓ પર આશરે 1,200 લેબ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

## કલમ 370 નાબૂદ કરી

- 890 કેન્દ્રીય કાયદાઓ લાગુ, રાજ્યના 205 કાયદાઓ રદ કરવામાં આવ્યા; 130 રાજ્ય કાયદાઓમાં સુધારો કરવામાં આવ્યો અને ઘડવામાં આવ્યા; અનામત લાભનું વિસ્તરણ
- પ્રધાનમંત્રી વિકાસના મુદ્દાઓ – પ્રધાનમંત્રી વિકાસનું ઝડપી અમલીકરણ, રૂ. 58,477 કરોડના ખર્ચે જમ્મુ અને કાશ્મીરમાં 53 પીએમડીપી પરિયોજનાઓ પર કામ ચાલી રહ્યું છે. લદ્દાખમાં 21,441 કરોડ રૂપિયાના 9 પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે. જમ્મુ અને કાશ્મીરમાં 32 પ્રોજેક્ટ અને લદ્દાખમાં 3 પ્રોજેક્ટ પૂર્ણ થઈ ગયા છે. આંશિક રીતે પૂર્ણ.
- જમ્મુ અને કાશ્મીરના ઔદ્યોગિક વિકાસ માટે કેન્દ્રીય ક્ષેત્રની યોજના હેઠળ રૂ. 28,400 કરોડનાં મૂલ્યનાં કાર્યોનો શુભારંભ. તેનાથી મૂડીરોકાણ, કેપિટલ ઇન્ટરેસ્ટ સબવેન્શન, જીએસટી સાથે જોડાયેલા સેક્ટર્સને પ્રોત્સાહન મળશે.

## અગ્નિપથ યોજના

- અગ્નિપથ સશસ્ત્ર દળો માટે પરિવર્તનકારી યોજના છે, જે યુવાશક્તિ, હાઈટેક સજ્જ અને અતિઆધુનિક અભિગમ સાથે ભારતીય સેનાને વિશ્વનું શ્રેષ્ઠ સૈન્યબળ બનાવવાની દિશામાં કામ કરશે.
- સરકારે 15 જૂન, 2022ના રોજ અગ્નિપથ યોજના શરૂ કરી હતી. આ યોજના હેઠળ, પુરુષ અને મહિલા બંને ઉમેદવારોને ચાર વર્ષના સમયગાળા માટે દેશની ત્રણેય સેવાઓના 'નીચેના રેન્ક ઓફ ઓફિસર' કેડરમાં અગ્નિવીર તરીકે ભરતી કરવામાં આવ્યા હતા.
- આ યોજના માટે 17.5થી 21 વર્ષની વયજૂથના ઉમેદવારો અરજી કરી શકશે.

## આતંકવાદ વિરુદ્ધ સર્જિકલ સ્ટ્રાઈક

- વિદ્રોહ વિરુદ્ધ કામગીરી, મ્યાનમાર – 9 જૂન, 2015
- સર્જિકલ સ્ટ્રાઇક, પીઓકે – 28-29 સપ્ટેમ્બર, 2016
- બાલાકોટ એર સ્ટ્રાઇક – 26 ફેબ્રુઆરી, 2019



# ભારત વૈશ્વિક આર્થિક મહાસત્તા



આ દાયકાઓ અને આગામી ૨૫ વર્ષો ભારત વિશેના અભૂતપૂર્વ આત્મવિશ્વાસ વિશે છે. તમામના પ્રયાસોથી ભારત પોતાનાં લક્ષ્યોને ઝડપથી પ્રાપ્ત કરશે.

– શ્રી નરેન્દ્રભાઈ મોદી

## વૈશ્વિક રોગચાળો હોવા છતાં સૌથી ઝડપથી વૃદ્ધિ

- ભારત વિશ્વનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર બન્યું
- વર્ષ 2024માં 7.6 ટકાના અંદાજિત વિકાસવૃદ્ધિ દર સાથે ભારત માટે મજબૂત વિકાસ વૃદ્ધિની સંભાવનાઓ, જે તેને દુનિયામાં સૌથી ઝડપથી વિકસતાં મોટાં અર્થતંત્રોમાંનું એક બનાવશે.
- રોકાણમાં નોંધપાત્ર વધારો અને વપરાશમાં તેજીને કારણે આર્થિક પ્રવૃત્તિમાં સુધારો

## જીએસટી : એક રાષ્ટ્ર, એક ટેક્સ

- 1 જુલાઈ, 2017ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતુંઃ જીએસટીમાં 17 મુખ્ય કરવેરા અને 13 સેસનો સમાવેશ થાય છે, જે સમગ્ર ભારતને એક બજારમાં તબદીલ કરે છે.
- એપ્રિલ, 2023 માં જીએસટી મહેસૂલ સંગ્રહ રૂ. 1.87 લાખ કરોડની અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ રહ્યો હતો, જે વર્ષ-દર-વર્ષ જીએસટી મહેસૂલ સંગ્રહ કરતાં 12% વધારે છે.


## આધાર-ડીબીટી લિન્ક – નાગરિકોનું સશક્તિકરણ, શાસનમાં સુધારો

### DBT : લીકેજ દૂર કરવામાં આવ્યું

- 4.2 કરોડ બનાવટી અને બોગસ રેશનકાર્ડ દૂર કર્યા (2013-2021)
- 4.11 કરોડ બનાવટી/નકલી/નિષ્ક્રિય એલપીજી કનેક્શન દૂર કર્યા
- ગ્રામીણ વિકાસ મંત્રાલયમાં નકલી/બનાવટી/અયોગ્ય લાભાર્થીઓને દૂર કર્યા

## યુપીઆઈ: દેશનું સૌથી મોટું સિંગલ રિટેલ પેમેન્ટ પ્લેટફોર્મ

- યુપીઆઈ સાથે વિશ્વના 40 ટકા ડિજિટલ વ્યવહારો હવે ભારતમાં થઈ રહ્યા છે
- યુપીઆઈ ક્યુઆર કોડમાં 4.6 ગણો વધારો







- નાણાકીય વર્ષ 2022-23માં 8,371 કરોડ ટ્રાન્ઝેક્શન થયા છે જે 5 વર્ષમાં 91 ગણો વધારો છે
- નાણાકીય વર્ષ 2022-23માં રૂ. 139.15 લાખ કરોડના વ્યવહારો થયા હતા જે 5 વર્ષમાં 126 ગણાથી વધુ છે.

## નિકાસ : સ્થાનિકનું વૈશ્વિક વલણ

- નાણાકીય વર્ષ 2022-23માં ભારતની કુલ નિકાસ 776 અબજ ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચી હતી.
- નાણાકીય વર્ષ 2022-23માં મર્ચેન્ડાઇઝની નિકાસ 451 અબજ ડોલરની સર્વોચ્ચ સપાટીએ હતી.
- પ્રથમ વખત સેવાઓની અત્યાર સુધીની સૌથી વધુ નિકાસ 325 અબજ ડોલરની રહી
- નાણાકીય વર્ષ 2022-23માં ભારતની કૃષિ નિકાસ 51 અબજ ડોલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચી હતી
- નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન ઇલેક્ટ્રોનિક ચીજવસ્તુઓની નિકાસ 23.57 અબજ ડોલરથી વધુ નોંધાઈ હતી. પાછલા નાણાકીય વર્ષ 2021-22ની તુલનામાં ભારતમાં ડિજિટલ ચુકવણી કરવા માટે યુપીઆઈનો ઉપયોગ કરતા જર્મન પ્રધાનોમાં 50.52 ટકાનો વધારો થયો છે.

## પ્રધાનમંત્રી મુદ્રા યોજના

- પ્રધાનમંત્રી મુદ્રા યોજનાઃ સામાજિક-આર્થિક રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગો માટે નાણાકીય સર્વસમાવેશકતા
- રૂ. 25.5 લાખ કરોડના મૂલ્યની 43 કરોડથી વધારે લોન મંજૂર
- બિન-કોર્પોરેટ, બિન-કૃષિ, લઘુ/સૂક્ષ્મ ઉદ્યોગોને લોન
- મૂળભૂત સ્તરે મોટા પાયે રોજગારીની તકોનું સર્જન કરવું

## સ્ટાર્ટઅપ ભારત

- અત્યારે ભારતમાં 100થી વધારે યુનિકોર્ન
- વૈશ્વિક સ્તરે દર 10 યુનિકોર્નમાંથી 1 ભારતમાં
- 669 જિલ્લાઓમાં સ્ટાર્ટઅપને માન્યતા પ્રાપ્ત
- અત્યાર સુધીમાં 9.5 લાખથી વધારે રોજગારીનું સર્જન થયું
- નાણાકીય વર્ષ 2022-23 – માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ દ્વારા 2.7 લાખથી વધારે પ્રત્યક્ષ રોજગારીનું સર્જન

## પ્રધાનમંત્રી જન ધન યોજના : વિશ્વની સૌથી મોટી નાણાકીય સર્વસમાવેશક પહેલ

- સાર્વત્રિક બેંકિંગ, તમામ માટે સુરક્ષા અને તમામ માટે ધિરાણ
- 15 ઓગસ્ટ, 2014ના રોજ લોન્ચ કરવામાં આવી
- 34.26 કરોડ રૂપે કાર્ડ જારી કરવામાં આવ્યાં
- સરેરાશ ડિપોઝિટ રકમ રૂ. 4,066
- કુલ થાપણો રૂ. 2.05 લાખ કરોડને વટાવી ગઈ

## ગવર્નમેન્ટ ઈ-માર્કેટ પ્લેસ

- સમાવેશ, ઉપયોગિતા, પારદર્શકતા, કાર્યદક્ષતા અને ખર્ચની બચત
- પોર્ટલ રૂ. 4.91 લાખ કરોડની વિક્રમી વાર્ષિક ખરીદીની નોંધણી કરે છે (જુલાઈ, 2023 સુધી)
- ઓર્ડરની સંખ્યા 1 કરોડને વટાવી ગઈ છે, જેમાંથી 55 ટકા ઓર્ડર વેલ્યુ સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગો (જુલાઈ, 2023 સુધી) દ્વારા કરવામાં આવી છે.
- જેમ (જીઈએમ) પર 8 લાખથી વધુ સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગ સેવા પ્રદાતા પંજીકૃત



# ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રગતિ પથ




### પ્રધાનમંત્રી ગતિશક્તિ – પ્રગતિને ઝડપી બનાવી

- ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું વાસ્તવિક સમય નિરીક્ષણ
- નાગરિકો માટે જીવનની સરળતા
- ચીજવસ્તુઓ અને સેવાઓની અવરજવરમાં ખર્ચ અને સમયની બચત થાય છે
- માળખાગત વિકાસ સાથે રોજગારીનું સર્જન

### માર્ગ, રેલ, હવાઈ માર્ગ, જળમાર્ગો, બંદરોનું વિસ્તરણ

- ૧ એપ્રિલ ૨૦૨૪, ૯૧,૨૮૭ કિ.મી.
- વર્તમાનમાં - ૧,૪૬,૧૪૫
- પાછલાં દસ વર્ષમાં ૫૪,૮૫૮ કિલોમીટરની વૃદ્ધિ
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત નિર્માણ પામેલ સડક
- માર્ચ ૨૦૧૪ સુધી - ૩,૮૧,૧૩૫
- ઓક્ટોબર ૨૦૨૩ સુધીમાં - ૭,૪૬,૪૪૮

### યશોભૂમિ કન્વેન્શન સેન્ટર

- 'યશોભૂમિ'ને લગભગ 5400 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવી છે.

જ્યારે આધુનિક રસ્તાઓ, રેલવે સ્ટેશન, રેલવે ટ્રેક, મેટ્રો, એરપોર્ટનું નિર્માણ થાય છે, ત્યારે દેશની પ્રગતિ ગતિ પકડે છે.

– શ્રી નરેન્દ્રભાઈ મોદી



- 11,000થી વધારે પ્રતિનિધિઓની બેઠકક્ષમતા ધરાવતા ભવ્ય કન્વેન્શન સેન્ટરમાં 15 કોન્ફરન્સ રૂમ, ગ્રાન્ડ બોલરૂમ અને 13 બેઠકખંડ સામેલ છે.
- અત્યાધુનિક બેઠક સુવિધાઓ સાથે કન્વેન્શન સેન્ટરનો પૂર્ણ હોલ મુલાકાતીઓને વૈશ્વિક કક્ષાનો અનુભવ પ્રદાન કરશે.
- કન્વેન્શન સેન્ટર દેશના સૌથી મોટા એલઇડી મીડિયા અગ્રભાગથી સજ્જ છે.
- 'યશોભૂમિ' વિશ્વના સૌથી મોટા પ્રદર્શન ખંડોમાંનો એક છે.

### પરિવહન પર્યાવરણમાં ટેક્નોલોજીનું સંકલન

- 889 રાષ્ટ્રીય અને 339 રાજ્ય ધોરીમાર્ગ શુલ્ક પ્લાઝા હવે ફાસ્ટેગ સાથે જોડાયેલા છે





## રેલવેમાં મુખ્ય સિદ્ધિઓ

- વંદે ભારત એક્સપ્રેસ – ભારતની પ્રથમ સ્વદેશી સેમી હાઈ સ્પીડ ટ્રેન વર્ષ 2019માં લોન્ચ થઈ હતી.
- હાલમાં દેશમાં વિવિધ રૂટ પર 68 વંદે ભારત ટ્રેન સેવા ચાલે છે. - આગામી 3 વર્ષમાં 400 નવી જનરેશનની વંદે ભારત ટ્રેનનું નિર્માણ કરવામાં આવશે. આ 'મેક ઇન ઇન્ડિયા'નું એક અભૂતપૂર્વ ઉદાહરણ છે.

## મેટ્રો રેલમાં 'મેક ઈન ઈન્ડિયા'

- 5 શહેરોમાં 248 કિલોમીટરનું મેટ્રો નેટવર્ક કાર્યરત
- 2023: 20 શહેરોમાં 878 કિમીનું મેટ્રો નેટવર્ક કાર્યરત

## સામાન્ય નાગરિકોનું હવાઈ મુસાફરીનું સપનું પૂર્ણ

- 1.28 કરોડથી વધુ લોકોએ હવાઈ મુસાફરી કરી
- 11 ઓપરેટરોએ 2.43 લાખ ફ્લાઇટ્સનું સંચાલન કર્યું હતું

# વેપાર-વાણિજ્યમાં સરળતા



ભારત સરકારે દેશમાં વેપાર-વાણિજ્ય કરવામાં સરળતા રહે તે માટે શક્ય તમામ પ્રયાસો કર્યા છે. પાલનની આવશ્યકતાઓમાં ઘટાડો અને પારદર્શિતા પર ભાર મૂકવાની સાથે વિવિધ કાયદાઓ અને નિયમોના સરળીકરણથી નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે.

- કાયદાઓના બોજમાંથી મુક્તિ : ૪૧,૦૦૦થી વધુ અનુપાલન નાબૂદ કરવામાં આવ્યું

એક સમય હતો જ્યારે કહેવામાં આવતું હતું - Why India. હવે દેશમાં જે સુધારાઓ થયા છે તેની અસર પડી છે, તે પછી કહેવામાં આવી રહ્યું છે - 'ભારત કેમ નહીં'

– શ્રી નરેન્દ્રભાઈ મોદી

- કંપની કાયદા અને એલએલપી કાયદાને લગતી જોગવાઈઓનું બિન-અપરાધીકરણ (ડીક્રિમિનલાઇઝેશન): કંપની એક્ટમાં ૨૦૧૭માં સુધારો કરવામાં આવ્યો હતો અને તેમાં ઘણી જોગવાઈઓ કરવામાં આવી હતી અને તેને સિવિલ એરર તરીકે ગણવામાં આવી હતી.
- કંપનીઓ પર કરવેરાનું ભારણ ઘટ્યું : સરચાર્જ અને સેસ સહિત સ્થાનિક કંપનીઓ માટે સરચાર્જ સહિત સીધો વેરો ૩૦ ટકાથી ઘટાડીને ૨૫.૧૭ ટકા કરવામાં આવ્યો હતો.



# ભારતનો ટેકનોલોજી યુગ



અમે ભારતમાં આધુનિક ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરી રહ્યા છીએ, સાથે સાથે એ પણ સુનિશ્ચિત કરી રહ્યા છીએ કે ડિજિટલ ક્રાંતિનો લાભ સમાજના દરેક વર્ગ સુધી પહોંચે.

– શ્રી નરેન્દ્રભાઈ મોદી

## ચંદ્રયાન-3 મિશન

- ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક ઉતરાણ કરનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ બન્યો
- ભારતે ઓછા ખર્ચે અવકાશ મિશનમાં તેની ક્ષમતા સાબિત કરી
- ચંદ્રયાન-3ની સફળતામાં મહિલા વૈજ્ઞાનિકોએ મુખ્ય ભૂમિકા ભજવી
- ચંદ્રયાન-3નું મુખ્ય ધ્યેય ચંદ્રની સપાટીના રેગોલિથ સહિત ચંદ્રની સપાટીની લાક્ષણિકતાઓનું સંકલિત મૂલ્યાંકન કરવાનું હતું, જેમાં ચંદ્રની સપાટીના થર્મલ ગુણધર્મો અને તેની સપાટી નજીકના પ્લાઝમા વાતાવરણનાં તત્ત્વોનો સમાવેશ થાય છે.
- ચંદ્રયાન-3ના લેન્ડિંગ પોઇન્ટને 'શિવશક્તિ બિંદુ' નામ આપવામાં આવ્યું હતું અને ચંદ્રયાન-2ના પદચિહ્નને 'તિરંગા બિંદુ' નામ આપવામાં આવ્યું હતું
- ચંદ્રયાન-3 મિશનની સફળતાની યાદમાં 23 ઓગસ્ટને 'રાષ્ટ્રીય અવકાશ દિવસ' તરીકે ઊજવવામાં આવશે.

## આદિત્ય એલ-1 મિશન

- સૂર્યનો અભ્યાસ કરવા માટેનું પ્રથમ અવકાશ-આધારિત ભારતીય મિશન
- સૌર પ્રવૃત્તિઓ અને વાસ્તવિક સમયમાં અવકાશના હવામાન પર તેની અસરનું નિરીક્ષણ કરવાનો વધુ લાભ મળશે.
- આદિત્ય એલ1 સૂર્યના કોરોનલ હીટિંગ,








માસ ઇજેક્યુલેસન અને અવકાશી હવામાનની ગતિશીલતાને સમજવા માટે સૌથી મહત્ત્વપૂર્ણ માહિતી પૂરી પાડશે.

## ગગનયાન મિશન

- ગગનયાન મિશન ભારતીય પ્રક્ષેપણ યાન પર પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં માનવ અંતરિક્ષ ઉડાન મિશન હાથ ધરવાની ક્ષમતાનું પ્રદર્શન કરશે
- વર્ષ 2040 સુધીમાં પ્રથમ ભારતીયને ચંદ્ર પર મોકલવાનું લક્ષ્ય
- ભારતીય અંતરિક્ષ સ્ટેશનની સ્થાપના 2035 સુધીમાં કરવાનું લક્ષ્ય

## ડિજિટલ ભારત

- ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું વિસ્તરણ
- ભારતનેટ અંતર્ગત 1.98 લાખ ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર

## ઈ-ગવર્નન્સ અને સેવાઓની સરળતા

- મે, 2023 સુધી દેશભરમાં 5.21 લાખ કોમન સર્વિસ સેન્ટર્સ (સીએસસી) કાર્યરત કરવામાં આવ્યાં હતાં. તેમાંથી ગ્રામ પંચાયત સ્તરે કુલ 4.13 લાખ સીએસસી કાર્યરત છે.
- 70 કરોડ ભારતીયો રૂપે કાર્ડ મારફતે ભારતની પ્રથમ વૈશ્વિક ચુકવણી વ્યવસ્થામાં જોડાયા
- ઉમંગ એપ – 905 કેન્દ્ર અને રાજ્ય સરકારના વિભાગોની 877 સેવાઓ ઉપલબ્ધ
- કિસાન રથ મોબાઇલ એપ (5.84 લાખ ખેડૂતો કૃષિપેદાશોના પરિવહન માટે વાહનો ભાડે રાખશે, ખેડૂત સંગઠનો, વેપારીઓ અને સર્વિસ પ્રોવાઈડર્સે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.
- મિશનની પ્રગતિ પર ટ્રેક અને મોનિટર કરવા માટે SBM 2.0 MIS એપ વિકસાવવામાં આવી હતી. એપ્લિકેશન SBM Ph II અંતર્ગત મિલકત ડેટાને અપલોડ કરવાની મંજૂરી આપે છે. અધિકૃતતાની ખાતરી કરવા માટે સંપત્તિઓને જીઓ-ટેગ કરવામાં આવી છે.

## નાગરિકોનું ડિજિટલ સશક્તીકરણ




- ડિજિટલ ઇન્ડિયા ભૂમિ અભિલેખ આધુનિકીકરણ પ્રોગ્રામ અંતર્ગત 1.17 કરોડ નકશાને ડિજિટલાઇઝ્ડ કરવામાં આવ્યા છે. કમ્પ્યુટરમાં 94.23% ગામડાંઓની જમીનના રેકોર્ડ નોંધાયા
- પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન હેઠળ 4.6 કરોડથી વધુ ઉમેદવારોને પ્રમાણિત કરાયા

## સેમીકોન ઈન્ડિયા 2023 : ભારત સેમીકન્ડક્ટર્સનું ઊભરતું કેન્દ્ર બની રહ્યું છે

- ભારતને વૈશ્વિક સેમીકન્ડક્ટર હબ બનાવવા માટે રૂ. 76,000 કરોડનું ઐતિહાસિક નાણાકીય પ્રોત્સાહન
- સેમીકન્ડક્ટર ફેબ્સ, ડિસ્પ્લે ફેબ્સ અને અન્ય કેન્દ્રો સ્થાપિત કરવા માટે પ્રોજેક્ટ ખર્ચના 50 ટકા સુધીની સમાન નાણાકીય સહાય
- દસ વર્ષના ગાળામાં ભારતના જીડીપીમાં રૂ. 60,000થી રૂ. 70,000 કરોડ ઉમેરશે.



# ઉત્તર-પૂર્વના વિકાસનું નવું એન્જિન



ઉત્તર-પૂર્વમાં, આપણે વિવાદોની સરહદો નથી બનાવી રહ્યા, પરંતુ વિકાસની કોરિડોર બનાવી રહ્યા છીએ.

– શ્રી નરેન્દ્રભાઈ મોદી

## ઉત્તરપૂર્વમાં માળખાગત સુવિધાને પ્રોત્સાહન

- બજેટ 2022-23માં પ્રધાનમંત્રીની પૂર્વોત્તર વિકાસ પહેલ (પીએમ-ડિવાઇન)ની જાહેરાત; રૂ. 1,500 કરોડની પ્રારંભિક ફાળવણી
- બ્રહ્મપુત્રા નદી પર ધુબરી અને હથસિંગિમારી, નેમાતિયા અને કમલાબાડી અને ગુવાહાટી તથા ઉત્તર ગુવાહાટી વચ્ચે રો-રો સેવાની શરૂઆત
- આસામ રાજ્યમાં બ્રહ્મપુત્ર નદી પર બોગીબીલ નજીક બોગીબીલ રેલવે-રોડ પુલના ઉત્તર અને દક્ષિણ કિનારે લિન્ક લાઇન (લંબાઈ 73 કિ.મી.) સાથેનો બોગીબીલ રેલવે-રોડ પુલ ડિસેમ્બર, 2018માં પૂર્ણ થયો હતો – જેનો અંદાજિત ખર્ચ રૂ. 5,920 કરોડ હતો .
- વર્ષ 2014 અગાઉ ઉત્તર-પૂર્વમાં માત્ર 9 એરપોર્ટ હતાં. છેલ્લાં નવ વર્ષમાં પૂર્વોત્તરમાં 7 નવા એરપોર્ટનું નિર્માણ થયું
- મણિપુરના તમેંગલોંગ જિલ્લામાં રાણી ગાઈદિન્લ્યુ રેલવે સ્ટેશન પર પહેલી વાર માલગાડીનું આગમન
- મેઘાલયને પ્રથમ વખત ઇલેક્ટ્રિક ટ્રેન મળી
- ઉત્તરપૂર્વમાં 146.559 કિલોમીટરની લંબાઈ ધરાવતી 121 ટનલનું નિર્માણ ચાલી રહ્યું છે, જ્યારે 18.628 કિલોમીટરની 25 ટનલ કાર્યરત છે
- ઉત્તર-પૂર્વને આરસીએસ-ઉડાન અંતર્ગત પ્રાથમિક ક્ષેત્રમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ ઇમ્ફાલ-દીમાપુર, શિલોંગ-કોલકાતા; દીમાપુર-ગુવાહાટી, કોલકાતા-લીલાબાડી; ગુવાહાટી-લીલાબાડી; આદી વિભિન્ન આરસીએસ માર્ગ ચાલુ
- ટુઇરિઅલ, પારે અને કામેંગ જેવા પૂર્વોત્તરમાં કેટલાંક સ્થળોએ જળવિદ્યુત પરિયોજનાઓનું નિર્માણ
- લોઅર સુબાનસિરી હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટનું નિર્માણ







# વારસો અને વિકાસ



**પ્રધાનમંત્રીએ સંસદની નવી ઈમારતમાં 'સેંગોલ'ની સ્થાપના કરી**

**ભારતના મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ**

- સ્ટેચ્યુ ઓફ યુનિટી, ગુજરાત
- ડૉ. આંબેડકર રાષ્ટ્રીય સ્મારક, નવી દિલ્હી
- નેતાજી સુભાષચંદ્ર બોઝ કર્તવ્યપથની પ્રતિમા, નવી દિલ્હી
- જલિયાંવાલા બાગ સ્મારક
- આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓને સમર્પિત 'જનજાતીય ગૌરવ દિવસ'
- સ્વતંત્રતા સંગ્રામમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને ક્રાંતિકારીઓની ભૂમિકાને પ્રદર્શિત કરવા માટે કોલકાતામાં બિપ્લોબી ઇન્ડિયા ગેલેરીનું ઉદ્ઘાટન
- સર્વોચ્ચ બલિદાન આપનારા આપણા સૈનિકો માટે નવી દિલ્હીમાં 'રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક'નું નિર્માણ
- ગુમનામ નાયકોનું યોગ્ય રીતે સન્માન કરવાના પ્રયાસના ભાગરૂપે દેશે 2022ને લચિત બોરફૂકનની 400મી જન્મજયંતીના રૂપમાં ઊજવ્યો. લચિત બોરફૂકન (24 નવેમ્બર, 1622 - 25 એપ્રિલ, 1672) અસમના અહોમ સામ્રાજ્યની શાહી સેનાના વિખ્યાત સેનાપતિ હતા, જેમણે મુઘલોને હરાવ્યા હતા અને ઔરંગઝેબના શાસન હેઠળ મુઘલોની વધતી જતી મહત્ત્વાકાંક્ષાઓને સફળતાપૂર્વક અટકાવી હતી.










# પર્યાવરણ અને સાતત્યપૂર્ણ વિકાસ



ભારત પ્રકૃતિ સાથે સૌહાર્દપૂર્ણ જીવન જીવવાની આપણી સંસ્કૃતિને અનુરૂપ સ્થાયી વિકાસને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે.

– શ્રી નરેન્દ્રભાઈ મોદી

## વૈશ્વિક જૈવઈંધણ જોડાણ

- વૈશ્વિક જૈવઈંધણ જોડાણ : જી-૨૦ના અધ્યક્ષ તરીકે ભારતની પહેલ
- આ જોડાણનો ઉદ્દેશ ટેકનોલોજીના વિકાસને સરળ બનાવવાનો, ટકાઉ જૈવિક-બળતણના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે.
- આ જોડાણ કેન્દ્રીય ભંડાર અને વિશેષજ્ઞ કેન્દ્ર તરીકે પણ કામ કરશે.

## અક્ષય ઊર્જામાં મોટા પાયે વૃદ્ધિ

- છેલ્લાં નવ વર્ષમાં અક્ષય ઊર્જા (આરઇ)ની સ્થાપિત ક્ષમતામાં 2.37 ગણો વધારો થયો છે
- સ્થાપિત અક્ષય ઊર્જા ક્ષમતામાં ભારત અત્યારે વૈશ્વિક સ્તરે ચોથા ક્રમે છે



- સૌરઊર્જાની ક્ષમતા વર્ષ 2014થી સપ્ટેમ્બર, 2023 વચ્ચે 2.63 ગીગાવોટથી વધીને 71.78 ગીગાવોટ થઈ છે, સૌર પાર્ક યોજના 20 ગીગાવોટથી બમણી થઈને 40 ગીગાવોટ થઈ ગઈ છે. દર યુનિટ દીઠ રૂ. ૧.૯૯ ની વિક્રમી નીચી સપાટીએ પહોંચી ગયા છે.
- 2030 સુધીમાં દર વર્ષે 5 અબજ ટન ગ્રીન હાઇડ્રોજન ઈંધણના ઉત્પાદનને ટેકો આપવા માટે 15 ઓગસ્ટ, 2021ના રોજ રાષ્ટ્રીય હાઇડ્રોજન મિશનની શરૂઆત કરવામાં આવી હતી.

## ગોબર-ધન યોજના

- એસબીએમ (જી)ના ભાગરૂપે ગોબર-ધન (ગેલ્વેનાઇઝિંગ ઓર્ગેનિક બાયો-એગ્રો રિસોર્સિસ ધન) યોજના 30 એપ્રિલ, 2018ના રોજ ઔપચારિક રીતે શરૂ કરવામાં આવી હતી.
- ગોબર-ધન સર્ક્યુલર ઇકોનોમી અને 'મિશન લાઈફ' અભિયાનને અનુરૂપ ભારત સરકારની 'વેસ્ટ ટૂ વેલ્થ' પહેલ છે.
- ગોબર અને ઘન કૃષિ કચરાને ખાતર અને બાયોગેસમાં પરિવર્તિત કરીને, ગામડાંઓમાં સ્વચ્છતા સુનિશ્ચિત કરીને તથા સંપત્તિ અને ઊર્જાનું સર્જન કરીને જૈવ-કચરાના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન માટે સામુદાયિક પ્રોજેક્ટ્સ સ્થાપિત કરવા પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે.
- એસબીએમ (જી)ના બીજા તબક્કામાં કોમ્યુનિટી ગોબર-ધન પ્રોજેક્ટ સ્થાપવા માટે જિલ્લાદીઠ રૂ.૫૦ લાખ સુધીની જોગવાઈ છે. એસબીએમ (જી) ઓપરેશનલ માર્ગદર્શિકા મુજબ, જિલ્લા



દીઠ ઓછામાં ઓછો 1 ગોબર-ધન પ્લાન્ટ હોવો ફરજિયાત છે.

## ઉજાલા યોજના

- તમામને પરવડે તેવા દરે એલઇડી (ઉજાલા)ના ઉદ્દેશ સાથે વર્ષ 2015માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- વિશ્વનો સૌથી મોટો નોન-સબસિડાઇઝડ સ્વદેશી લાઇટિંગ પ્રોગ્રામ



- ભારત દુનિયામાં બીજા ક્રમનું સૌથી મોટું એલઇડી માર્કેટ છે.
- ઇન્ટરનેશનલ એનર્જી એજન્સી (આઇઇએ)એ પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે કે ઉજાલાએ ગ્રાહકોની વીજળીમાં વાર્ષિક 16 અબજ રૂપિયાથી વધુની બચત કરી છે

## પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા અને ઉત્થાન મહાભિયાન (પીએમ-કુસુમ) યોજના

- અન્નદાતાને ઊર્જાદાતામાં પરિવર્તિત કરવા માટે ફેબ્રુઆરી, 2019માં પ્રારંભ
- સૌર ઊર્જાથી ચાલતા કૃષિ પંપો મારફતે 35 લાખથી વધારે ખેડૂતોને ઊર્જાવાન બનાવવામાં આવશે
- 10,000 મેગાવોટ સૌર/સૌર ઊર્જા અક્ષય ઊર્જા આધારિત પ્લાન્ટ સ્થાપિત
- 20 લાખ સૌર કૃષિ પંપ સ્થાપિત,
- 15 લાખ ગ્રિડ સાથે જોડાયેલા કૃષિ પંપ સૌર ઊર્જાથી સંચાલિત

## એક સૂર્ય, એક વિશ્વ અને એક ગ્રિડ

- ઓક્ટોબર, 2023 સુધીમાં સૌર સ્થાપિત ક્ષમતા વધારીને 71.78 ગીગાવોટ કરવામાં આવી હતી.
- વન સન, વન વર્લ્ડ અને વન ગ્રિડની વિભાવનાને સાકાર કરવા વૈશ્વિક ગ્રિડ બનાવવા માટેના પ્રયાસો

## મિશન લાઇફ

- પ્રધાનમંત્રીએ દુનિયાને આબોહવામાં ફેરફાર સામે લડવા 'પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી' અથવા લાઇફને વૈશ્વિક અભિયાન બનાવવા અપીલ કરી હતી. તેઓ માત્ર ઊર્જા ઉત્પાદન પર જ નહીં, પરંતુ ઊર્જા સંરક્ષણ અને વધુ સારી જીવનશૈલી પર પણ ભાર મૂકે છે. આ ઉકેલોમાં ઊર્જાથી કાર્યક્ષમ એસી, ગીઝર, હીટર અને ઓવન સામેલ છે.

## નમામી ગંગે

- વર્ષ 2014માં ગંગા નદીને પુનર્જીવિત કરવા, અસરકારક રીતે તેનું સંરક્ષણ કરવા માટે શરૂ કરવામાં આવી હતી.
- અત્યાર સુધીમાં રૂ. 37,985 કરોડના અંદાજિત ખર્ચ સાથે કુલ 448 યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે; 260 પરિયોજનાઓ પૂર્ણ થઈ ગઈ છે અને તેને શરૂ કરવામાં આવી છે.

## પીએમ-ઈ-બસ સેવા

- પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપ (પીપીપી) મોડેલ પર સિટી બસના સંચાલનના વિસ્તરણ માટે 10,000 ઇ-બસો દોડાવવામાં આવશે



- આ યોજનાનો અંદાજિત ખર્ચ રૂ. 57,613 કરોડ થશે, જેમાંથી રૂ. 20,000 કરોડ કેન્દ્ર સરકાર દ્વારા સહાય કરવામાં આવશે. આ યોજના 10 વર્ષ સુધી બસ સંચાલનને સહાય કરશે.
- આ યોજના હેઠળ, તે શહેરોને અગ્રતા આપવામાં આવશે જ્યાં કોઈ સારી રીતે સંચાલિત બસ-સેવા ઉપલબ્ધ નથી.



પ્રધાનમંત્રીએ ઉદાહરણ પ્રસ્તુત કરીને 'સ્વચ્છતા માટે શ્રમદાન' કર્યું હતું.
પ્રધાનમંત્રીના આહ્વાન પર દેશભરમાં ૮.૭૫ કરોડથી વધુ લોકોએ
'વન ડેટ, વન અવર, ટુગેધર' કાર્યક્રમમાં ભાગ લીધો હતો

REGD. NO. GAMC 563/ 2024-26 VALID UP TO 31-12-2026 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO.PMG/NG/077/2024-26 VALID UP TO 31-12-2026 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED TO POST AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON 12/13/14 & 27/28/29th OF EVERY MONTH

# સાંસ્કૃતિક સ્થળોનો વિકાસ



મહાકાલ કોરિડોર



અયોધ્યા ધામ



સોમનાથ



કાશી વિશ્વનાથ કોરિડોર



કેદારનાથ



પાવાગઢ

## સાંસ્કૃતિક કાર્યક્રમોને પ્રોત્સાહન

- ભારત મંડપમની ઉત્પત્તિ ભગવાન બસવેશ્વરના અનુભવ મંડપમના વિચારમાંથી થઈ છે, જે જાહેર સમારંભો માટે એક મંડપ હતો
- કન્વેન્શન સેન્ટરની ઇમારતની આર્કિટેક્ચરલ ડિઝાઇન ભારતીય પરંપરાઓથી પ્રેરિત છે.
- ભારત મંડપમ ખાતે નટરાજની પ્રતિમા ૨૭ ફૂટ ઊંચી છે અને તેનું વજન ૧૮ ટન છે. તે અષ્ટધાતુની બનેલી સૌથી ઊંચી પ્રતિમા છે.
- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વારાણસીમાં રુદ્રાક્ષ ઇન્ટરનેશનલ કો-ઓપરેશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે કાશી સંસદ સાંસ્કૃતિક મહોત્સવ ૨૦૨૩ના સમાપન સમારંભમાં હાજરી આપી હતી.
- પ્રાચીન વારસો પાછો લાવવામાં આવ્યો
- વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં પ્રાચીન કાળની ૨૩૮ કીમતી મૂર્તિઓ સફળતાપૂર્વક પરત લાવવામાં આવી છે.

**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.